**મે. મોરબીના ચોથા એડી.ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મું.મોરબી.**

ફો.કેસ નં.**1886-26**
આંક:–

**ફરિયાદી :–** **શ્રી સરકાર.**
**વિરૂધ્ધ**
**આરોપી :–** **રાજેશભાઈ કાનજીભાઈ ગણેશીયા**
**ગુનો:– ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી મુજબ**

**–//ઠરાવ//–**

૧. ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આરોપીએ મોરબી ખાતે જાહેરમાં પ્રોહીપ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટનો દારૂ પી છાટકા બની જાહેરમાં બકવાસ કરતાં અને લથડીયાં ખાતાં મળી આવી પકડાઈ જઈ, ધી પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧)બી મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. જે મતલબની ફરિયાદીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા ત.ક.અધીકારીએ નામ.કોર્ટમા ચાર્જશીટ દાખલ કરેલ છે.

૨. આ કામના આરોપીએ આજરોજ ના.કોર્ટ રૂબરૂ હાજર થઈ પોતાને ગુનો કબુલ હોવા બાબતે પુરસીસ રજુ કરેલ છે અને સદરહુ ગુના સંબંધે આરોપી સામે તહોમતનામુ ફરમાવી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેની સામેનાો ગુનો સ્વૈચ્છિક રીતે કબુલ કરેલો છે અને વધુમાં જણાવેલ છે કે તેઓનો આ પ્રથમ ગુનો છે.તેઓ કુટુંબ કબીલાવાળા અને ગરીબવર્ગના મજુરીયાત વર્ગના માણસ છે અને મજુરી કરીને તેઓના કુટુંબનુ ગુજરાન ચલાવે છે, જેથી રહેક રાખી દયાની માંગણી કરેલ છે.

૩. આ કામે આરોપી સામે જે પ્રકારનો ગુનો નોંધાયેલ છે તે જોવામાં આવે તો પ્રોહી કલમ ૬૬(૧) બી મુજબનો ગુનો નોંધાયેલ છે તે ગુનાની મહત્તમ તથા લઘુત્તમ સજાની જોગવાઈ ધ્યાને લેતાં, આરોપી સામેના ગુનાના કામે વ્યાજબી કારણો હોય ત્યારે કાયદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સજા કરતાં ઓછી સજા કરી શકાશે. આ કામે આરોપી ગરીબ અને મજુરીયાત વર્ગના ઈસમ હોય અને તેઓએ તેમની કસુર સ્વેચ્છાએ સ્વીકારી ભવિષ્યે આ પ્રકારે ગુનો નહી કરવા ખાતરી આપેલ છે. વધુમાં આવા સામાન્ય પ્રકારના ગુનામાં આરોપીને જેલમાં મોકલવામાં આવશે તો જેલો ભરાઈ જશે અને ગંભીર ગુનાના આરોપીઓને જેલમાં રાખવા કોઈ વ્યવસ્થા રહેશે નહી. આ કામે આરોપી સામે અગાઉ પ્રથમ ગુનો પુરવાર થયેલ હોય અને હાલનો ગુનો બીજો હોય તે બાબતે કોઈ હકીકત ફરિયાદપક્ષે રેકર્ડ પર રજુ થયેલ નથી તે સંજોગોમાં આરોપીની સ્વૈચ્છીક કબુલાત પુરસીસ તેમજ આરોપીની આર્થિક સામાજિક સ્થિતી વિગેરે ધ્યાને લેતાં, આરોપી સંબંધે ખાસ અને પુરતા કારણો જણાચે થી તેને કાયદાથી ઠરાયેલ લઘુત્તમ સજા અને દંડ કરતાં પણ ઓછી સજા અને દંડ નામ.કોર્ટ કરી શકે છે. તેવું નામ.ગુજરાત હાઈકોર્ટે **૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદજી ઠાકોર** ના તેમજ **(૨૦૧૫)૩૮ જી.એચ.જે.૩૫૪,સ્ટેટ ઓફ ગુજરાત વિ.રાજેશ કુમાર રતનલાલ સીંઘી અને બીજાઓના** ચુકાદામાં ઠરાવેલુ છે. આ સંજોગોને લક્ષ્યમાં રાખતા આરોપી ને કઠોર સજા ન કરતાં હળવી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેમ જણાતાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

***–//હુકમ//–***

આરોપી **રાજેશભાઈ કાનજીભાઈ ગણેશીયા**ને બી.એન.એન.એસ. કલમ ૨૫૨ અન્વયે ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૨૦૦/–(અંકે રૂપિયા બસૌ પૂરા)નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ આરોપી દંડ ન ભરેતો તો વધુ દિન– ૧૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૪ મી, માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: મોરબી.
તા. ૧૪/૦૩/૨૦૨૬
(લોક–અદાલત)

((સી.વાય.જાડેજા ))
ચોથા એડી.ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ
મોરબી.
(UID NO : GJ01345)

ફોજદારીદંડપહોંચનં................
તા. ૧૪/૦૩/૨૦૨૬ થીરૂા.**૨૦૦/–**
અંકે રુપીયા– **બસ્સો પુરા**
પૂરા વસુલ લીધા.
નાઝીર/આસીસ્ટન્ટ